ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં.સ્કોલરશીપ સેલ/પો.મેટ્રીક શિષ્યવૃતિ/ 51806 /2025

તા.19-04-2025
03/05/2025

પ્રતિ,

1. યુનિવર્સિટીના ભવનોના ડાયરેક્ટરશ્રીઓ...
2. યુનિવર્સિટીના વિભાગોના વડાશ્રીઓ...
3. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ...
4. યુનિવર્સિટી સંલગ્ન માન્ય સંસ્થાઓનાં વડાશ્રીઓ...

વિષય: પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજના હેઠળ અનુ.જન જાતિના વિદ્યાર્થીઓને વર્ષ: 2018-19થી વર્ષ: 2024-25 દરમિયાન બાકી રહેલ શિષ્યવૃતિના ચુકવણા કરવા બાબત.

સંદર્ભ: મદદનીશ કમિશ્નર, આદિજાતિ વિકાસ, એ બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી ભવન લાલ દરવાજા, અમદાવાદનો તા.07-04-2025નો પરિપત્ર ક્રમાંક:મક/આવિ/શિક્ષણ/2025-26/1069 થી 1098, મળ્યા તા.10-04-2025 વોટસએપ ગ્રુપના મળેલ પત્ર મુજબ.

માનનીય સાહેબ શ્રી,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે સમય મર્યાદામાં ઘટતી કાર્યવાહી કરી સત્વરે વિદ્યાર્થીઓને જાણ કરવા વિનંતી.

નોડલ ઓફીસર
(સ્કોલરશીપ સેલ)

મદદનીશ કમિશ્નર, આદિજાતિ વિકાસ
એ બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫-૧૦૧૨૬ E-mail ID : vo-tdd-ahd@gujarat.gov.in

ક્રમાંક:મક/આવિ/શિક્ષણ/૨૦૨૫-૨૬/૧૭૫૯-૧૧૭૯૮ તા.૦૭/૦૪/૨૦૨૫

પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ
અગત્યનું / સમયમર્યાદા

# પરિપત્ર

વિષય : પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ અનુ.જન જાતિના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૮-૧૯ થી વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન બાકી રહેલ શિષ્યવૃત્તિના ચુકવણા કરવા બાબત.

સંદર્ભ : આવિ/શિક્ષણ/ફા.નં.૧૪૦૫/૨૦૨૫-૨૬/૪૨૫ થી ૪૪૩ તા.૦૪/૦૪/૨૦૨૫

શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ થી ૨૦૨૪-૨૫ માં ડિજિટલ ગુજરાત પોર્ટલ પર આપના તાબા હેઠળ આવતી શાળા/કોલેજ/સંસ્થાઓમાં આચાર્ય લેવલ તથા વિદ્યાર્થી લેવલ પર પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની યોજનાની ઘણી બધી અરજીઓ પેન્ડિંગ છે, જેના કારણે તેઓને ચુકવણુ કરી શકાતુ નથી. જે બાબતે નીચેની સૂચનાઓ ધ્યાને લેવી.

(૧) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના સંદર્ભદર્શિત પત્રથી જેતે લેવલે પેન્ડિંગ રહેલ અરજીઓનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવાની સુચના આપવામાં આવેલ છે. જે મુજબ વર્ષ ૨૦૧૮-૧૯ થી વર્ષ ૨૦૨૪-૨૫ની આચાર્ય લેવલ તથા વિદ્યાર્થી લેવલે પેન્ડિંગ રહેલ અરજીઓની ચકાસણી/ક્વેરી હોય તો તેની પુર્તતા કરાવી અત્રેની કચેરીને ઓનલાઇન મોકલી આપવી તથા નામંજુર કરવા પાત્ર હોય તો નામંજુર કરી લેખિતમાં જાણ કરવાની થાય છે. જે બાબતે રૂપરેખા નીચે મુજબ છે.

(૨) શિષ્યવૃત્તિ પોર્ટલ પર પડતર અરજીના નિકાલ માટેનું આયોજન

| વર્ષ | યોજના | કામગીરી | સમયગાળો |
|---|---|---|---|
| વર્ષ ૨૦૧૮-૧૯ થી વર્ષ ૨૦૨૨-૨૩ | ➢ પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ (કેંદ્ર સરકાર)<br>➢ પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ(રાજ્ય સરકાર)<br>➢ ફૂડબિલ સહાય,<br>➢ સાધન સહાય,<br>➢ આઈ.ટી.આઈ. | શાળા/કોલેજ ખાતે પડતર અરજીની ચકાસણી/પુર્તતા કરી કચેરી ખાતે રજુ કરવા અથવા નામંજુર કરવા પાત્ર હોય તો નામંજુર કરી અત્રેની કચેરીને જાણ કરવાની રહેશે | ૩૦ એપ્રિલ ૨૦૨૫ |
| વર્ષ ૨૦૨૩-૨૪ અને વર્ષ ૨૦૨૪-૨૫ | ➢ પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ (કેંદ્ર સરકાર)<br>➢ પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ(રાજ્ય સરકાર)<br>➢ ફૂડબિલ સહાય<br>➢ સાધન સહાય<br>➢ આઈ.ટી.આઈ. | શાળા/કોલેજ ખાતે પડતર અરજીની ચકાસણી/પુર્તતા કરી કચેરી ખાતે રજુ કરવા અથવા નામંજુર કરવા પાત્ર હોય તો નામંજુર કરી અત્રેની કચેરીને જાણ કરવાની રહેશે | ૫ જૂન ૨૦૨૫ |

Scanned with OKEN S

(૩) સદર સમયમર્યાદા બાદ પણ જો શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ થી ૨૦૨૨-૨૩ ની કોઇ અરજીઓ પેન્ડીંગ રહેશે તો તે તમામ અરજીઓને ફ્રીજ કરવામાં આવશે જેની સંપુર્ણ જવાબદારી જે તે શાળા/કોલેજ/સંસ્થાના આચાર્યશ્રીની કે વિદ્યાર્થીની રહેશે.

(૪) સદર બાબત ખૂબ જ અગત્યની અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિત સાથે જોડાયેલ હોય, શાળા/કોલેજ/સંસ્થાઓના લોગીનમાં બાકી રહેલ અરજીઓની સત્વરે ચકાસણી કરી કોઇ ક્ષતિ હોય તો તેની પુર્તતા કરાવી નિયમોનુસાર અમલિત ગાઇડલાઇન મુજબ શિષ્યવૃત્તિ ચૂકવવા પાત્ર અરજીઓ મંજુર કરી ડીલિંગ ઓથોરીટીને તાત્કાલિક ઓનલાઇન ફોરવર્ડ કરી હાર્ડકોપી તથા સાધનીક કાગળો સહિત દરખાસ્ત જીલ્લા કચેરીમાં તાત્કાલિક જમા કરાવવા તથા સિટિજન લેવલે બાકી રહેલ તથા અન્ય ક્ષતિ પુર્તતા વાળી અરજીઓ બાબતે શાળા/કોલેજ/સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓનો રૂબરૂ સંપર્ક કરી વિદ્યાર્થીઓ પાસેથી અરજી મેળવી તથા જો કોઇ અરજી ડુપ્લિકેટ થયેલ હોય, ખોટી યોજનામાં અરજી કરવામાં આવેલ હોય, વિદ્યાર્થીએ અભ્યાસ અધુરો છોડી દીધેલ હોય કે નિયમોનુસાર શિષ્યવૃત્તિ મળવાપાત્ર થતી ના હોય તો તેને રદ કરવા માટે સંબધિત સંસ્થાઓને પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિની કામગીરી સંભાળતા સ્ટાફને આપની કક્ષાએથી જરૂરી સુચનાઓ કરવાની રહેશે. જેથી અનુ જનજાતિના વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિમળી રહે તે અંગેની જરૂરી કાર્યવાહી કરી શકાય. જો કોઇ વિદ્યાર્થી શિષ્યવૃત્તિના લાભથી થી વંચિત રહી જશે અથવા ભવિષ્યમાં શિષ્યવૃત્તિ ન મળવા બાબતે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જેતે સંસ્થાના આચાર્યશ્રી/જેતે વિદ્યાર્થીની રહેશે જે ધ્યાને લઈ સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવી.

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ
અમદાવાદ

પ્રતિ,

૧.

૨. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
અમદાવાદ, ગાંધીનગર, ખેડા, આણંદ તરફ
૩.

- આપના તાબા હેઠળની તમામ સંસ્થાઓને નિયત સમય મર્યાદામાં શિષ્યવૃત્તિની કામગીરી પૂર્ણ કરવા માટે સુચના આપવી અને કોઇ વિધ્યાર્થી શિષ્યવૃત્તિના લાભથી વંચિત ના રહી જાય તેવી આપની કક્ષાએથી સુચના આપવા સારુ.

નકલ સવિનય રવના

માન. સંયુક્ત કમિશ્નરશ્રી, કમિશ્નર, આ.વિ.ની કચેરી, ગુ.રા. ગાંધીનગર તરફ જાણ સારૂં